## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



બાપ ગોતરમાં જોઈતી મેટ્રો ટ્રેઈન... બુલેટ ટ્રેઈન વિષે સાંભળ્યું તું... જન્મારામાં...!!!

# આર ટી ઓ કચેરીનો વહીવટ એજન્ટો થકી થાય છે : કર્મચારી મંડળનો આક્રોશ

### આર.ટી.ઓ.ના કલાર્ક હેડકલાર્કની આંતરિક બદલી સામે આક્રોશ : કર્મચારીઓ કામ છોડી બેસી ગયા : એ.સી.બી.ની ટ્રેપ બાદ સતત વિવાદમાં રહેતી આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોને ધક્કા

ગાંધીનગર તા ૨૭

છેલ્લા ઘણાં સમયથી વિવાદાસ્પદ બનેલી આર ટી ઓ કચેરીમાં આજે નવો વિવાદ જન્મ્યો હતો. કચેરીના કલાર્ક હેડ કલાર્કની મનસ્વી બદલી કરવામાં આવી હોવાના આક્રોશ સાથે કર્મચારી યુનિયને આર ટી ઓ નો વહીવટ એજન્ટ કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો. આર ટી ઓ કચેરીમાં ગત દિવસોમાં એ સી બી ની ટ્રેપ થઈ હતી ત્યારે પણ ભ્રષ્ટ વહીવટનો ચિતાર સામે આવ્યો હતો. જયારે કર્મચારી યુનિયનમાં આજે એજન્ટો જ આર ટી ઓ કચેરી ચલાવતા હોવાનો આક્ષેપ પણ આક્રોશ સહ પ્રબળ બન્યો હતો.

રાજયમાં હાઈટેક અને પેપરલેસ આર ટી ઓ કચેરીના ઉદઘાટન પ્રસંગે અરજદારોના પ્રશ્નો અને સમસ્યાનો ઝડપથી ઉકેલ આવશે તેમજ નાગરિકોએ ધક્કે નહી ચઢવુ પડે પરંતુ સઘળુ પારદર્શક અને ઝડપી થશે તેવી સુફિયાણી વાતો પણ નેતાઓએ ગળાગાંગરીને કરી હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી આર ટી ઓ કચેરી અરજદારો માટે શિરદર્દ સમાન બની છે. આર ટી ઓનો વહીવટ ખાડે ગયો છે. એકબાજુ રોજબરોજ ઉદભવતી ટેકનિકલ ખામીના લીધે અરજદારોના કામો અટવાતા તેમણે મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. જયારે આર ટી ઓની કામગીરીમાં વહીવટી પારદર્શતા સામે પણ સવાલો મંડરાયા છે. ગત દિવસોમાં જ આર ટી ઓ કચેરીના એક કર્મચારી એ સી બી ના સંકજામાં આવતા કચેરીના ભ્રષ્ટ વહીવટ સામે આવ્યો હતો. વાહનવ્યવહાર મંત્રીની શિખામણના અંતે જ ભ્રષ્ટ કાંડ પ્રકાશમાં આવ્યો હતો.

જયારે હજુ પણ આર ટી ઓ કચેરીમાં ભ્રષ્ટનીતીને પ્રોત્સાહીત કરવા માટેના પ્રયાસો થતા હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. આર ટી ઓ કચેરીમાં અરજદારોના કામ અટવાતા રોજબરોજ નાના મોટા વિવાદો સામે આવે છે. ત્યારે આજે કર્મચારીઓની આંતરિક બદલી પણ મનસ્વી રીતે થઈ હોવાના રોષ સાથે કર્મચારી મંડળના આગેવાનો પણ આગ બબુલા બન્યા હતા. કચેરીના કલાર્ક, હેડ કલાર્કની આંતરિક બદલી મનસ્વી રીતે થતા કર્મચારીઓ કામ છોડીને બેસી ગયા હતા. જયારે કર્મચારી મંડળના વડાએ એવો આક્ષેપ પણ કર્યો હતો કે આર ટી ઓ કચેરી જ એજન્ટો ચલાવે છે. એજન્ટો જ ઓફિસનો વહીવટ કરે છે. કર્મચારીઓની બદલીના મામલે આર ટી ઓ કચેરીમાં આજે ફરી એકવાર તંગદીલીનુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. નબળા અને ભ્રષ્ટ વહીવટના લીધે સતત વિવાદમાં રહેતી આર ટી ઓ કચેરીથી અરજદારો પણ તોબા પોકારી ગયા હોવાનો આક્રોશ ઠાલવવામાં આવી રહયો છે.

# પાંચ વર્ષ થયા છતા પેન્શન ન મળતા ન્યાય માટે મહિલાના ધરણા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામના કાંન્તાબેન ચાવડા આરોગ્ય વિભાગના કામદાર વિમા યોજનાનું દવાખાનું દી-૧ સેકટર-૧૭ ખાતે ફરજ બજાવતા હતા. તેઓ ૩૧-૧૨-૧૨ના રોજ સ્વૈચ્છીક રીટાયર્ડમેંન્ટ લેવા છતા હજુ સુધી પેન્શન કે મળવા પાત્ર અન્ય સહાયના નાણા ન મળતા આ મહિલા શહેરના સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પર બેઠા છે. ત્યારે સરકાર દ્વારા જો આ અંગે યોગ્ય નહી કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી નિવૃત મહિલા કર્મચારીએ ઉચ્ચારી છે. તેઓનું કહેવુ છે કે તેઓને અકસ્માત થતા તેમના હાથપગમાં સળીયા નાંખ્યા હોવાથી તેઓ અશકત હાલતમાં છે. ત્યારે કારમી મોંઘવારીમાં પોતાનું ભરણ પોષણ કેમનું કરવુ તે પણ પ્રશ્નાર્થ છે. ત્યારે તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી લાગણી અને માંગણી તેઓની છે.



# સે-૬/સી માં પાણી ફોર્સથી ન આવતા ગૃહીણીઓનો આક્રોશ

### તંત્ર સમક્ષ રજુઆત : સેકટરમાં ૮૦ થી ૯૦ મીટરના પ્લોટમાં પાણી ફોર્સથી આવતુ નથી

ગાંધીનગર તા ૨૭

સે-૬ સી માં સ્થિત ભુવનેશ્વર સોસાયટીમાં છેલ્લા ઘણાં સમયથી ફોર્સથી પાણી ન આવતા છે. શહેરના રહેણાંક વિસ્તારમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો કકળાટનુ કારણ બની છે.નવા સેકટરોમાં વારવાર પાણીની આવ્યો છે. સેકટરના જાગૃત નાગરિકોએ આ મામલે પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે. સેકટરમાં સ્થિત મોટા



ગૃહીણીઓમાં કકળાટ પ્રવર્તયો છે. સેકટરના ૮૦ થી ૯૦ મીટરના પ્લોટના રહેણાકમાં ફોર્સથી પાણી આવતુ નથી. સ્થાનિક રહીશો દ્વારા પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

શહેરના જુના અને નવા સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહે પોકાર ઉઠવા પામે છે. શહેરના સે-૬ સી સ્થિત ભુવનેશ્વર સોસાયટીમાં છેલ્લા ઘણાં સમયથી ફોર્સથી પાણી આવતુ નથી. સેકટરમાં ૮૦ થી ૯૦ મીટરના પ્લોટમાં પાણી ફોર્સથી ન આવતા ગૃહીણીઓમાં કકળાટ પ્રવર્તયો છે. પાણી ફોર્સથી ન આવતા રહીશોએ હાલાકી વેઠવાનો વારો પ્લોટને અનુલક્ષી પાણીની પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી હોવાના લીધે ટેકનિકલ ખામી ઉદભવી હોવાનુ પણ સ્થાનિકો માની રહયા છે. ત્યારે સેકટરના રહીશો દ્વારા સેકટરમાં ફોર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે ત્વરિત પગલા લેવા રજુઆત કરી છે.

# ભાજપ-કોંગ્રેસ પોતાના સીએમ ઉમેદવારો જાહેર કરે : પાર્થેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

જન વિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે કોંગ્રેસ અને ભાજપને ચેલેન્જ કરતાં જણાવ્યું હતું કે, બંને પક્ષો લોકશાહીને કલંકીત કરનાર ખરીદ વેચાણ સંઘના તમાસા બંધ કરી પોતાની પાર્ટીઓના મુખ્યમંત્રી પદના ઉમેદવારો જાહેર કરવાની હિંમત બતાવે અને ગુજરાતની જનતા સામે સ્પષ્ટ કરે કે આવનારા સમયમાં તેમના મુખ્યમંત્રી પદના ઉમેદવાર દિલ્હીના હાઈ કમાન્ડની કઠપુતળી નહી હોય.

પીએમ નરેન્દ્ર મોદી એ રાહુલ ગાંધીના સહારે ગુજરાતની ચૂંટણી જીતવા નીકળેલી બન્ને પાર્ટીઓ તાત્કાલિક પોતાનો કેપ્ટન નક્કી કરી ગુજરાતની જનતા સમક્ષ જાહેર કરે કે, આવનારા ભવિષ્યમાં તેઓ કોને રાજ્યનો મુખ્યમંત્રી બનાવવા માંગે છે.

તેઓએ વધુમાં જણાવ્યુ હતુ કે, રાજ્યમાં વર્ષોથી કુશાસન, ભ્રષ્ટ શાસન આપનાર ભાજપ-કોંગ્રેસ સત્તા ટકાવી રાખવા અને સત્તા મેળવવાની હોડમાં માત્ર ચૂંટણીલક્ષી હોર્સ ટ્રેડીંગ ચાલુ કર્યુ છે જે દેશની લોકશાહી અને ગુજરાતની સમાજ વ્યવસ્થા માટે ઘાતક છે. જન વિકલ્પ મોરચાએ ચૂંટણી જંગમાં ઝંપલાવતા બાપુના ડર અને હારની હતાશા-નિરાશાથી રઘવાઈ થઈ ભાજપ કોંગ્રેસ રાજ્યમાં સામાજીક એકતાનું વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન બંધ કરી જો તેમની પાસે મુખ્યમંત્રી પદનો સક્ષમ ઉમેદવાર હોય તો રાજ્યની હાઈ કમાન્ડ જનતા સમક્ષ તેનું નામ જાહેર કરે.

# દરેક વિધાનસભા મત વિસ્તારમાં બે ટીમ ટેકનીકલ અધિકારીઓની રહેશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં ઈ.વી.એમ. કે વી.વી. પેટ ખોટકાય તો તાત્કાલિક દુરસ્ત કરી દેવા માટે ખાસ તકનીકી તાલિમ સાથેની ટીમો બનાવવામાં આવશે.

જિલ્લા કલેકટર અને જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી સતીષ પટેલે જણાવ્યુ હતુ કે આ માટે કુલ ૩૧ કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં એન્જીનીયરીંગ કોલેજ અને આઈ.ટી.આઈ.ના અધ્યાપકોનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યુ હતુ કે એક ટીમમાં ત્રણથી ચાર અધિકારીઓ રહેશે. આમ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે દરેક બેઠક પર બે-બે ટીમ આ અધિકારીઓની રહેશે. આ ઉપરાંત કંપનીના ઈજનેરોની પણ ટીમ મતદાનના દિવસે હાજર રહી ફરજ બજાવશે.

તેમણે જણાવ્યુ હતુ કે હાલ જિલ્લાની પાંચેય બેઠક પર અલગ અલગ તાલિમોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. કયાંક ઝોનલ સુપરવાઈઝરોની તાલિમ ચાલી રહી છે તો ક્યાંક અન્ય તાલિમો ચાલી રહી છે. મતદાન અધિકારીઓને પણ ત્રણ તબક્કામાં અલગ અલગ તાલિમો આપવામાં આવશે.

તેમણે એવી પણ ચીમકી ઉચ્ચારી હતી કે તાલિમમાં ગેરહાજર રહેનાર સામે શિક્ષાત્મક અને પોલીસ કાર્યવાહી પણ જરૂર પડ્યે કરવામાં આવશે. પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અધિકારીઓ માટે પણ વાહનો સંપાદિત કરી દેવામાં આવ્યા છે.

# ઉમેદવારે ઉમેદવારીપત્ર ભરવા સાથે પ્રતિજ્ઞા લેવાની રહેશે : પંચ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માંગતા ઉમેદવારે પ્રતિજ્ઞા લેવાની રહેશે તેમ ચૂંટણી પંચની એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

પંચની યાદીમાં જણાવવામાં આવ્યા મુજબ આ પ્રતિજ્ઞા લેવી ફરજીયાત છે અને તે ઉમેદવારી પત્રની ચકાસણી પહેલાં લેવાની રહેશે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ઉમેદવારી કરવા ઈચ્છતા તમામ ઉમેદવારોનું ભારતના સંવિધાનની કલમ-૧૭૩(ક) પરત્વે ધ્યાન દોરવામાં આવે છે. એમાં દર્શાવ્યું છે તે મુજબ, સંવિધાનની ત્રીજી અનુસૂચિતમાં નક્કી થયા મુજબના નમૂનામાં ચૂંટણી આયોગ દ્વારા તે હેતુ માટે અધિકૃત કરાયેલ વ્યક્તિ સમક્ષ ઉમેદવારે શપથ કે પ્રતિજ્ઞા લઈને, તેમાં સહી કરવાની રહેશે અને તો જ એ ઉમેદવાર વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર ગણાશે.

ઉમેદવારોની અનુકૂળતા ખાતર ચૂંટણી આયોગે, સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી ઉપરાંત અધિકૃત વ્યક્તિ સમક્ષ ઉમેદવાર શપથ કે પ્રતિજ્ઞા લઈને તેમાં સહી કરશે.

### વરૂણ-નરેન્દ્ર પટેલની વાયરલ થયેલી ઓડીયો ક્લીપ મામલે

# આમ આદમી પાર્ટીએ ભાજપ સામે ચૂંટણી પંચ સમક્ષ કરી ફરીયાદ

### વિપક્ષના વ્યક્તિઓને પૈસા આપી ખરીદતી ભાજપ લોકતંત્રની ખુલ્લેઆમ મજાક ઉડાવી રહી છે : આપ : ભાજપના નેતાઓ ઉપર કડક કાર્યવાહી કરવા ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૭

આમ આદમી પાર્ટી દ્વારા આજે ગુજરાત ચૂંટણી પંચને ભાજપ સામે ફરિયાદ કરવામાં આવી છે.

થોડા દિવસ પહેલા પાટીદાર અનામત આંદોલનના નેતા નરેન્દ્ર પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જેમાં



આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભાજપના નેતા મોટી રકમના નાણાંની ઓફરો કરીને ભાજપમાં જોડાવા માટે દબાણ કરી રહ્યા છે.

આ કામ તાજેતરમાં ભાજપમાં જોડાયેલા જીતુ પટેલ દ્વારા કરવામાં આવ્યુ છે અને જીતુ વાઘાણી, ઋત્વિજ પટેલ સહીતના નેતાઓ પણ આમાં સંડોવાયેલા છે. ત્યાર બાદ વરૂણ અને નરેન્દ્ર પટેલની ઓડીયો ક્લીપ પણ વાયરલ થઈ છે. જે દેશના લોકતંત્રની ઠેકડી ઉડાવતો કિસ્સો કહી શકાય. ભાજપના જવાબદાર નેતાઓ કે જે આ કાંડમાં સંડોવાયેલા છે તેમની સામે કડક કાર્યવાહી થાય તે માટે આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર કિસ્સાની ન્યાયીક સ્વતંત્ર તપાસ થાય તેવી માંગ કરવામાં આવી છે. આ કિસ્સાને લગતા તમામ પુરાવાઓ પણ ચૂંટણી તંત્રને ઈમેઈલ દ્વારા મોકલી દેવામાં આવ્યા હોવાનું આપ ઈલેક્શન કમીટીમાં સભ્ય આશુતોષ પટેલે જણાવ્યુ હતુ.

વરૂણ અને નરેન્દ્ર પટેલની ઓડીયો ક્લીપ વાયરલ થઈ છે. તે અનુસંધાને ભાજપના નેતાઓ વિપક્ષના વ્યક્તિઓને પૈસા આપીને ખરીદે છે અને લોકતંત્રની ખુલ્લેઆમ મજાક ઉડાડે છે. જે અનુસંધાને જવાબદાર નેતાઓ સામે કડક કાર્યવાહી કરવા આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણી પંચમાં ચીફ ઈલેક્ટ્રોરલ ઓફીસર સમક્ષ ફરીયાદ કરવામાં આવી છે.

# વૉટર સ્લીપ સાથે વૉટર માર્ગદર્શિકા પણ છાપેલી હશે

### મતદાર જાગૃતિ અભિયાન અંગે કેમ્પસ એમ્બેસેડરને પણ તાલિમ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

વૉટર સ્લીપની સાથે વૉટર ગાઈડ પણ હશે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે વૉટરસ્લીપનું મતદાનના એક સપ્તાહ પહેલાં વિતરણ કરવામાં આવશે. વૉટર સ્લીપમાં વૉટર ગાઈડ પણ પ્રકાશિત કરાશે. જેમાં બુથ લેવલ ઓફિસરનું નામ, તેનો મોબાઈલન નંબર, મતદાન મથક નં., તેનો નકશો, ચૂંટણી પંચની વેબસાઈટનું નામ પણ દર્શાવવામાં આવશે.

વૉટર સ્લીપ એ મતદાર જાગૃતિ અભિયાનનું પણ કામ કરશે. તેમણે જણાવ્યુ હતુ કે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લામાં વી.વી. પેટ અને ઈ.વી.એમ.ની સાથે એક રથ પણ તંત્ર દ્વારા જિલ્લામાં ફેરવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આગામી દિવસોમાં કેમ્પસ એમ્બેસેડર જે નિમવામાં આવ્યા છે તેમને પણ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ખાસ તાલિમ આપી ખાસ ઝુંબેશ ચલાવવાનું આયોજન છે. આ કેમ્પસ એમ્બેસેડરને દિપાવલી વેકેશન શૈક્ષણિક સંસ્થાઓમાં પૂર્ણ થાય તે પછી યોજવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં ખાસ બેનર અને હોર્ડિંગ્સ પણ મહત્વના સ્થાનો પર મુકવામાં આવ્યા છે. આ અભિયાન અંગેનો રોડમેપ તૈયાર છે અને તે ક્રમશઃ અમલી બનશે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સ્વચ્છતા અભિયાનમાં પણ પ્રથમ ક્રમે

### વેકેશનની મજા માણવાના બદલે આકરી ગરમીમાં કડીમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી : તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા દ્વારા સ્વચ્છતા એવોર્ડ એનાયત કરાયો

ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓએ ગત ઉનાળુ વેકેશન દરમિયાન કડી નગરની ગંદકી ઉલેચવાનું અભિયાન હાથ ધર્યું હતું. વેકેશનની મજા માણવના ટાણે સ્વચ્છ ભારતના અભિયાનને વેગ આપવાના વિદ્યાર્થીઓના ઉમદા પ્રયાસને સ્થાનિકોએ પણ ખોબે ખોબે બિરદાવ્યો હતો. જયારે વિદ્યાર્થીઓના આ પ્રેરણાદાયી સફાઈ અભિયાન બદલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરીયલના મુંબઈ સ્થિત સેટ પર સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સ્વચ્છતા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

### અસલી હીરો અમે નથી પણ સમાજ ઉપયોગી કાર્ય કરનારા વિદ્યાર્થીઓ પ્રેરણાદાયી છે : જેઠાલાલ

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નાના નાના ૨૦ વિદ્યાર્થીઓએ વેકેશનમાં કડી નગરની સાફ સફાઈ કરવાનાં વિચાર સાથે સફાઈ અભિયાન યોજવાની મંજુરી માંગી હતી. મોટા ભાગના વિદ્યાર્થીઓ વેકેશનની માણવાની રાહ જોતા હોય છે, ત્યારે આ વિદ્યાર્થીઓ ઉનાળુ વેકેશનમાં કે જયારે ૪૫ ડીગ્રી તાપમાનમાં કડી નગરની સફાઈ કરવા ઉત્સુક બન્યા હતા. વિદ્યાર્થીઓ રોજ સવારે ૭ વાગ્યાથી સંસ્થાના આદ્યસ્થાપક પૂ.છગનભાનાં આશીર્વાદ લઈ કડી નગરમાં વિવિધ વિસ્તારોમાં કચરાની બરાબર સફાઈ કરી હતી, સફાઈની સાથે સાથે નાગરિકોમાં સ્વચ્છતા કેળવાય તે માટે આ સફાઈ અભિયાનમાં ૫૫૦૦થી પણ વધારે નાગરિકોને સ્વચ્છતાનાં આગ્રહી બનવા અને બીજા અન્ય લોકોને પણ આપના જેવી સ્વચ્છતા રાખવા પ્રેરણા આપતા કાગળો આપી વિનંતી કરી હતી. બાળકોના ઐતિહાસિક સ્વચ્છતા અભિયાન દરમ્યાન નાગરિકોએ આ પહેલને બિરદાવી ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. ભારત સરકારના સ્વચ્છ ભારતના બ્રાન્ડ એમ્બેસેડર લોકપ્રિય ધારાવાહિક "તારક મહેતા કા ઊલટા ચશ્માં" દ્વારા સ્વચ્છતા એવોર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધી તારક મહેતા કા ઊલટા ચશ્માં દ્વારા ગુજરાત રાજ્યમાં બે એવોર્ડ આપવામાં આવ્યા છે. તાજેતરમાં મુંબઈ ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને ત્રીજો એવોર્ડ આપવામાં આવ્યો છે. શૈક્ષણિક સંસ્થા માટે સમગ્ર દેશમાં આ પ્રથમ એવોર્ડ આપવામાં આવ્યો છે. લોકપ્રિય ધારાવાહિક "તારક મહેતા કા ઊલટા ચશ્માં" દ્વારા સર્વ વિદ્યાલય સ્વચ્છતા અભિયાનની ટીમને નોમીનેટ કરાઈ હતી. આ સમગ્ર ટીમને મુંબઈ ખાતે "તારક મહેતા કા ઊલટા ચશ્માં"ના સેટ પર સ્વચ્છતા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. તમામ કલાકારોએ વિદ્યાર્થીઓને મળી તેમના આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું. સ્વચ્છતા એવોર્ડ આપતા સીરીયલના લોકપ્રિય પાત્ર જેઠાલાલે જણાવ્યું હતું કે સમાજના અસલી હીરો અમે નથી પણ આવા સમાજ ઉપયોગી કાર્યો કરનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને તેના વિદ્યાર્થીઓ છે, તેમ જણાવી તમામ વિદ્યાર્થીઓ સાથે ફોટોગ્રાફ લીધા હતા. જયારે દેશ ૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરશે ત્યારે સ્વચ્છ ભારતની ભેટ સમગ્ર રાષ્ટ્ર દ્વારા આપવામાં આવશે, ત્યારે ૨૦૧૯માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી પણ ૧૦૦ વર્ષની ઉજવણી કરશે. આ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ સમગ્ર કડી શહેરનાં નાગરિકોમાં આનંદની લાગણી વ્યાપી છે. સંસ્થાને મળેલા ગૌરવપૂર્ણ એવોર્ડથી સમગ્ર કેમ્પસના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળ્યું છે.

# રાહુલની ૨ નવેમ્બરે નાના પોંઢામા જાહેર સભા કરશે

અમદાવાદ, તા.૨૭

રાજયમા વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાનની તારીખ જાહેર થઈ ગઈ છે ત્યારે કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી આગામી બીજી નવેમ્બરના રોજ વલસાડના નાના પોંઢા ખાતે જાહેરસભાને સંબોધન કરશે.આ અંગે મળતી માહિતી અનુસાર, કોંગ્રેસનો ગઢ ગણાતી વલસાડ જિલ્લાની કપરાડા-નાનાપોંઢા વિધાનસભા મત વિસ્તારમા આગામી ૨જી નવેમ્બરના રોજ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી માટે રોડ-શો ઉપરાંત જાહેરસભાનુ આયોજન કરવામા આવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ